જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૫/૧૧/૨૦૧૭ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૩૬૩/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૪૪ કેસ કરી, ૪૨ વ્યક્તિઓને ઝડપી, ૨૭૭ લીટર દેશી દારૂ, ૦૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૪ બીયરટીન ૦૧ કાર અને ૦૧ એક્ટીવા કબજે કર્યુ હતુ તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી ૧૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૪,૮૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૩૬૪/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૭૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ૫૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૨૩૬૫/૧૭**

**સોલા હાઇકોર્ટ :** મનોજ સુરેશચંદ્ર શર્મા (ઉ.વ.૫૦)(રહે,ચાણકયપુરી જનતાનગર ક્રોસીંગ પાસે, ઘાટલોડીયા) એ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૧૧/૧૭ ના કલાક ૧૧/૦૦ થી તા. ૨૪/૧૧/૧૭ ના કલાક ૮/૦૦ સુધીનાં સમયગાળા દરમ્યાન પોતાના મકાનનાં મુખ્ય દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, સોના-ચાંદીનાં દાગીના અને રોકડ રકમ મળી કુલ રૂપિયા ૪,૩૭,૮૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.એસ.પટેલ ચલાવે છે.

**સોનાનો દોરો ખેંચી તોડી લઇ ગયો :-** **સમાચાર યાદી નં.૨૩૬૬/૧૭**

**કાગડાપીઠ :** ધવલભાઈ રવિન્દ્રભાઈ ભટ્ટ (ઉ.વ.૪૬)(રહે, પુનમ ફ્લેટના પાછળ, ગજાનન એપાર્ટમેન્ટ સામે, મણીયા સોસાયટી, મણીનગર) તા.૨૪/૧૧/૧૭ બપોરના ૨/૧૫ વાગ્યાના સુમારે કાંકરીયા રોડ બજાજ શો-રૂમ પાસે રોડની બાજુમાં આવેલ હનુમાન મંદીરની આગળ રોડ ઉપરથી પોતાની માતા ઉષાબેનને જ્યુપીટર સ્કુટર પાછળ બેસાડી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક હિરો પેશન બાઇક ઉપર આવેલ પુરૂષે ઉષાબેનનાં ગળામાંથી સોનાનો દોરો કિંમત રૂપિયા ૨૫,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ ધવલભાઇ ભટ્ટે કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.જે.હુણ ચલાવે છે.

**કરંટ લાગતાં મૃત્યુ:-** **સમાચાર યાદી નં.૨૩૬૭/૧૭**

**નારોલ :** સુશીલાબેન વા/ઓ રામુસ્નેહી ચૌધરી (ઉ.વ.૨૭)(રહે,જલ્લુભાઇ રબારીના મકાનમા, જુના વેરાહીપાર્ક પટેલવાડીની બાજુમા ઇસનપુર વટવા) તા.૨૪/૧૧/૧૭ ના કલાક ૧૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરમાં પાણી ગરમ કરવાનાં હેન્ડ હીટરથી કરંટ લાગતાં સુશીલાબેનનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.બી.રાઠોડ ચલાવે છે.

**તળાવમાં ડુબી જતાં મૃત્યુ:-** **સમાચાર યાદી નં.૨૩૬૮/૧૭**

**વાસણા :** ક્રીષ્નપાલ ઉર્ફે ગોટુ સ/ઓ જયેન્દ્રસિંહ ચાવડા (ઉ.વ.૦૬)(રહે,હરીવીલા ફ્લેટ બાપાસીતારામ ચોક નવા નરોડા) તા.૨૩/૧૧/૧૭ બપોરના ૨/૦૦ થી તા.૨૪/૧૧/૧૭ નાં કલાક ૧૨/૦૦ વાગ્યા દરમ્યાન કોઇપણ સમયે જીવરાજપાર્ક મલાવ તળાવની અંદરથી પાણીમાં અકસ્માતે પડી જતા ડુબી જતાં ક્રીષ્નપાલનું મૃત્યુનિપજ્યુ હતુ. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી સી.વાય.બારોટ ચલાવે છે.

**દાઝી જતાં મૃત્યુ:-** **સમાચાર યાદી નં.૨૩૬૯/૧૭**

**સરદારનગર :** ભરતભાઇ મફતભાઇ ચૌહાણ (રહે,ખોડીયારનગર વિભાગ-૩ નોબલનગર સરદારનગર) નાઓની પત્નીને પોતાના ઘરે પ્રાઇમસ પર જમવાનુ બનાવતા હતા દરમ્યાન સાડી માં આગ લાગતા, પત્નીને બચાવવા જતા ભરતભાઇ પોતે પ્રાઇમસની આગમાં દાજી જતા સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૪/૧૧/૧૭ ના કલાક ૧૧/૪૫ વાગે ભરતભાઇનું મૃત્યુનિપજ્યુ હતુ. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અનિલ બાલક્રીષ્ણ ચલાવે છે.

**ટ્રેઇનની અડફેટે આવી જતાં મૃત્યુ:-** **સમાચાર યાદી નં.૨૩૭૦/૧૭**

**ઇસનપુર :** અરવિંદભાઈ ભીખાભાઈ સોલંકી (ઉ.વ.૪૫)(રહે, જોગેશ્વરી સોસાયટી, વિશાલનગર ઇસનપુર) તા.૨૪/૧૧/૧૭ બપોરના ૪/૩૦ વાગ્યાના સુમારે કેડિલા બ્રિજ નીચે રેલવેના પાટા ઉપર ટ્રેઇનની અડફેટે આવી જતાં, કપાઈ જતાં અરવિંદભાઇનું મૃત્યુનિપજ્યુ હતુ. આ અંગે ઇસનપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રમેશભાઈ જીવાભાઈ ચલાવે છે.

**<u>આત્મહત્યા :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૩૭૧/૧૭</u>**

**દાણીલીમડા :** મોઇનભાઇ મહેબુબભાઇ બીયાવસ્વાળા (છીપા) (ઉ.વ.૧૮)(રહે,મુખીની ચાલી, સફી મંજીલ પાસે શાહઆલમ) એ કોઇ અગમ્ય કારણસર તા.૨૪/૧૧/૧૭ ના કલાક ૧૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતની પાઇપ ઉપર પ્લાસ્ટીકનાં દોરા વડે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી છે. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રધાનજી ખેંગારજી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.